# અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા મહાનુભાવોનો સન્માન સમારંભ યોજાયા

મોડાસા, તા.૨૪

આજરોજ અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે આવેલ કોલેજના ભા.મા.સા હોલમા અરવલ્લી જીલ્લા પંચાયતદ્વારા જીલ્લાના વંદનીય સ્વાતંત્ર્ય સેનાનીઓ,પુર્વ પંચાયતના પદાધીકારીઓ,પુર્વ સાંસદશ્રીઓ,પુર્વ ધારા સભ્યશ્રીઓ તેમજ જીલ્લાના સતાયુ નાગરીકોનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.

સમગ્ર ગુજરાત રાજયમાં ભા.જ.પા સરકાર દ્વારા દરેક જીલ્લ્માં વિશિષ્ટ વ્યકિતઓ તેમજ પંચાયતના પદાધીકારી શ્રીઓનું સન્માન કરવાનું રાજયની ભા.જપા. સરકાર દ્વારા નકકી કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પંચાયતી રાજને વ્યવસ્થિત અને સફળ બનાવવા માટે પંચાયતી રાજમાં પદાધીકારીઓનો મહત્વનો ફાળો રહેલો છે. હાલમાં પણ આ લોકોનો સતત માર્ગદર્શન મળતુ રહેછે. આ લોકો દ્વારા પોતાનો અમુલ્ય સમય આપીને રાજયના વિકાસમાં ભાગીદાર બન્યા છે. ત્યારે આ લોકોનું ઋણ સ્વીકારવા માટે રાજય સરકાર દ્વારા પંચાયતી પદાધીકારીઓનું સન્માન કરવાનું નકકી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લ્ પંચાયત દ્વારા પણ અરવલ્લી જીલ્લાના આવા વંદનીય વ્યકિતઓનું સન્માન કરવાનો કાર્યક્રમ આજરોજ મોડાસાના કોલેજ કેમ્પસમાં આવેલ ભા.મા.સા. હોલમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરુઆત સવારે ૯:૦૦ કલાકે કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને રાજય કક્ષાના મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી મુખ્ય મહેમાન તરીકે રાજય કક્ષાના મંત્રી જયેશભાઈ રાદડીયા તેમજ સંસદીય સચીવ વાસણ ભાઈ આહીર અને ભરતભાઈ ડાભી ઉપસ્થીત રહયા હતા સમારંભના અધ્યક્ષ નાનુભાઈ વાનાણીનું અરવલ્લી જીલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન દ્વારા ફુટની છાબરી આપી સન્માન કરવામાં આવ્યું હતું. જયારે જીલ્લામાંથી પધારેલા સ્વાતંત્ર્ય સેનાનીઓ,પુર્વ પંચાયતના પદાધીકારીઓ,પુર્વ સાંસદશ્રીઓ,પુર્વ ધારા સભ્યશ્રીઓ તેમજ જીલ્લાના સતાયુ નાગરીકા આ તમામનું સાલ ઓઢાળી અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લામાંથી ૨૭ સતાયુ નાગરીકો ૧૦ પુર્વ ધારા સભ્યો તેમજ ૫૫ જેટલા પુર્વ જીલ્લા પંચાયતના સદસ્યોનું સન્માન કરવામાં આવ્યું હતુ. જયારે સન્માન કરેલા વ્યકિત્ઓમાંથી બાયડના પુર્વ ધારાસભ્ય ડાૅ. મહેન્દ્રભાઈ પટેલ જીલ્લા પંચાયતના ઉપ પ્રમુખ હિરાજી ડામોર તેમજ મોડાસા તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ મહેન્દ્ર સિંહ રાજપુરોહિતે પોતાના પ્રિતભાવો વ્યકત કર્યા હતા. તેમજ આ તમામે પોતાનુ સન્માન કરવા બદલ રાજય સરકારનો અને જીલ્લા પંચાયતના પ્રમુખનો આભાર વ્યકત કર્યો હતો.



(તસવીર : જય અમીન, મોડાસા)



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

**ચોથી જાગીર પર હુમલો : આવેદન પાઠવ્યું**

ખેડબ્રહ્મા તાલુકા પત્રકાર એસોસિએશન દ્વારા વિસનગરમાં થયેલ પત્રકારો ઉપરના હિચકારા હુમલા બાબતે નાયબ મામલતદાર પી.બી. જોશીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ગુનેગારો સામે કડકમાં કડક પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

## મેઘરજના સ્વાતંત્ર્યસેનાની બીમાર હોવાથી ઘરે જઈ સન્માન કરાયુ

રાજય સરકાર ધ્વારા સ્વાતંત્ર્ય સેનાની પુર્વ સાંસદ ધારાસભ્યનુ સન્માન અને પંચાયતના પદાધિકારીઓ નુ સન્માન યોજવાનુ નકકી કરાયુ હતુ જ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અર્તગત આજે મોડાસા ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમ માં સ્વાતંત્ર્ય સેનાની પુર્વ સાંસદ ધારાસભ્ય નુ સન્માન અને પંચાયત ના પદાધિકારીઓ નુ સન્માન કરવામાં આવ્યુ હતુ ત્યારે અરવલ્લી જીલ્લા ના એમાત્ર સ્વાતંત્ર્ય સેનાની આનંદીભાઈ બીમાર હોવાના કારણે હાજર રહી શકયા નહોતા ત્યારે તેમનુ અરવલલી જીલ્લા પંચાયત ના પ્રમુખ નેહાબેન પટેલ અને તેમની ટીમે તેમના ઘરે જઈ તેમનુ સન્માન કરવામાં આવ્યુ હતુ

## મહેસાણામાં પત્રકારોએ વીસનગરની હિંસક રેલીને વખોડી જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપ્યું

મહેસાણા, તા.૨૪

મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં પાટીદાર સમાજની અનામતના મુદ્દે નીકળેલ રેલી હિંસક બનતાં સ્થાનિક ધારાસભ્ય અને જિલ્લા ભાજપ પ્રમુખ ઋષિકેશભાઈ પટેલની ઓફિસમાં ભારે તોડફોડ કરી વાહનોને આગ ચાંપવામાં આવી હતી. તેમજ રેલીનું કવરેજ કરવા ગયેલ ત્રણથી ચાર પત્રકારો સુરેશ વણોલ, ઈન્દ્રવદન ભટ્ટ, વનરાજ ચૌધરી વગેરેને ટોળાએ નિશાન બનાવી તેઓ પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી કેમેરા તોડી નાંખી નુકસાન કર્યું હતું. દરમિયાન મીડીયા કર્મી પર થયેલા હુમલાને ગંભીર ગણી મહેસાણા જિલ્લાના પત્રકારોએ એકજુટ થઈ હુમલાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી જવાબદારો સામે કડક પગલાં ભરાય તે માટે આજે મહેસાણા શહેર સહિત જિલ્લાના પત્રકારોએ એકત્ર થઈ જિલ્લા કલેકટર કચેરીએ જઈને એક આવેનદપત્ર પાઠવ્યું હતું. આ બાબતે નાયબ માહિતી નિયામક અને જિલ્લા પોલીસ અધિક્ષકને પણ આવેનદપત્ર પાઠવ્યું હતું.

ઉપરોકત ઘટનાને પત્રકારોએ સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી અને ઘટના સ્થળે હાજર પોલિસ તંત્રની કાર્યશૈલી સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. આમ વિસનગરની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા.

## વિસનગરમાં મીડીયા પરની હુમલાની ઘટનામાં પાલનપુરના પત્રકારોએ આવેદનપત્ર પાઠવ્યું



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૨૪

વિસનગરમાં પાટીદાર સમાજ દ્વારા અનામત માટે ગુરુવારે રેલી યોજવામાં આવી હતી. જે રેલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતા સ્થાનિક ધારાસભ્યના કાર્યાલયમાં મોટી તોડફોડ અને આગ ચંપીના બનાવો પણ બન્યા હતા. આ ઘટનાનું કવરેજ કરી રહેલા પત્રકારો ઉપર પણ હિંસક ટોળાએ હુમલો કર્યો હતો. આ ઘટનાને લઈ રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આ હુમલાના વિરોધમાં આજે પાલનપુર ખાતે ફિલ્ડ રીપોટર્સ પરિવાર દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વિનોદ સુન્દેશા, સંજય જોષી, દિપક રાવલ, ગીરીશ સોની, પંકજ સોની, અંકિત વ્યાસ, હસમુખ પટેલ સહિતના સભ્યો હાજર રહ્યા હતાં.

## મોતીપુરાની વૃદ્ધાને ગાળો ભાંડનાર ભોલેશ્વરના શખ્સ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં ગુરૂવારે સવારે માલિકીની જમીનમાં ગલ્લો મુકનાર શખ્સને ગલ્લો હટાવવાનું કહેનાર વૃદ્ધા સાથે બેહુદુ વર્તન આચરી ગાળો ભાંડતા ભોલેશ્વરના શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવાઈ છે. એડીવીઝન પોલીસે વૃદ્ધાની ફરિયાદ આધારે ગુનો દર્જ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. વૃદ્ધા સાથે થયેલા બેહુદા વર્તનની ઘટના અંગે વિગત અનુસાર મોતીપુરામાં સર્વોદય પાર્ટી પ્લોટ આવેલો છે. જે પાર્ટી પ્લોટ પર રહેતા ૭૧ વર્ષીય ભાનુબેન પટેલે પોતાની માલિકીની જમીન સર્વે નં.૬૧ પૈકી ૧ માં પ્રવેશ કરી ગલ્લો મુકનાર ભોલેશ્વરના બળવંતભાઈ ઉર્ફે બળદેવભાઈ પશાભાઈ ભાટને ગુરૂવારે સવારે ગલ્લો હટાવી લેવા જણાવ્યુ હતું. જેથી બળવંત ભાટએ વૃદ્ધાને ગાળો ભાંડી તેમની સાથે બેહુદુ વર્તન આચર્યુ હતું.



મેઘરજ સ્થિત પી.એન. હાઈસ્કૂલમાં કેળવણી મંડળ દ્વારા શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. સંસ્થાના હોદેદારો સંજય જોષી સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. અને અંદાજે ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ તિથિ ભોજન લીધું હતું.

## મહેસાણામાં વિચરતી-વિમુક્ત જાતિ દ્વારા સંપર્ક અભિયાન કાર્યક્રમ યોજાયો

### અંત્યોદય સેલના કન્વીનર ડૉ. જી. કે. પટેલનું સન્માન કરાયું

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લા ભારતીય જનતા પાર્ટી અંત્યોદય સેલ ગુજરાત પ્રદેશ દ્વારા વિચરતી-વિમુક્ત જાતિના મહાસંપર્ક અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હારીજમાં ગાડલીયા લુહાર જાતિના ૪૫ લાભાર્થીઓને જિલ્લા કલેક્ટર પાટણ તરફથી વિનામુલ્યે રહેણાંકના હેતુ માટે જમીન ફાળવવામાં આવી હતી તેની ખાતમુહૂર્ત બાબતે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત દેવરાજ લુહાર કન્વીનર અંત્યોદયસેલ ભાજપ આણંદ દ્વારા ડૉ. જી.કે. પટેલનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સંસદીય સચિવ ભરતસિંહ ડાભીએ જણાવ્યું હતું કે છેવાડાના માનવીનો વિકાસ કેવી રીતે થાય તે જોવાની આપણા સૌની ફરજ છે. રાજ્ય સરકારે લોક કલ્યાણના કામોનું આંદોલન જગાડ્યું છે. જેમાં વિકાસના કામોની સાથે માનવ વિકાસના કામોની સાથે માનવ વિકાસના કામો પણ સરકાર દ્વારા કરાઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, બેટી બચાવો બેટી પઢાઓ, કુપોષણ નાબુદી સહિત વિવિધ કાર્યક્રમો યોજી માનવકલ્યાણનું કામ કરી રહી છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત યુ.જી.વી.સી. એલના કન્વીનર કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે વિકાસનું મુળ માધ્યમ શિક્ષણ છે. શિક્ષણ થકી દરેક સમાજનો વિકાસ થાય છે. પ્રમાણિકપણે અને નિષ્ઠાપૂર્વક કામ કરવાથી સફળતા મળે છે.

અંત્યોદયસેલના કન્વીનર ડૉ. જી.કે. પટેલે જણાવ્યું હતું કે પછાત જાતિ માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. રાજયના છેવાડાના માનવીને યોજનાઓનો લાભ મળે તે દિશામાં આપણે સૌએ સાથે મળીને કામ કરવું જોઈએ.

## મોડાસામાં ડૉ. આંબેડકરના જીવન કવનનો પરીચય આપતું નાટક ભજવાશે

મોડાસા, તા.૨૪


રાજય સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષભેર ઉજવણી કરવાનું નક્કી કરાયું છે જે અંતર્ગત અરવલ્લી જિલ્લા નાયબ નિયામક અનૂસુચિત જાતિ કલ્યાણ દ્વારા નાટક, ભવાઈ અને કવિ સંમેલન સહિત સપ્તરંગી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં તા. ૨૫ જુલાઈના રોજ રાત્રે ૭.૩૦ કલાકે વલ્લભ સદન હોલ સગરવાડા, મોડાસા ખાતે ડૉ. આંબેડકરના જીવન કવનનો પરીચય આપતું 'ભારત ભાગ્ય વિધાતા' નાટક યોજાશે. જેમાં જિલ્લા સમાહર્તાશ્રી એસ. છાકછુઆક, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.બી. પટેલ અને નાયબ નિયામકશ્રી બી.ડી. પરમાર ઉપસ્થિત રહેશે. ૨૬ જુલાઈના રોજ સર્વોદય નગર પ્રાથમિક શાળા મોડાસા ખાતે ભવાઈ વેશ રાત્રે ૭.૩૦ કલાકે યોજાશે અને તા. ૫ ઓગષ્ટ સાંજના ૫-૦૦ કલાકે વી.એસ. શાહ પ્રા. શાળા હોલ રત્નદિપ સોસાયટી મોડાસા ખાતે કવિ સંમેલન યોજાશે જેમાં તમામ નગરજનોને હાજર રહેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવશે.



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કલેકટર કચેરી સભાખંડમાં અરવલ્લી જિલ્લા કલેકટર છાકછુઆકના અધ્યક્ષ સ્થાને માન મુખ્યમંત્રીશ્રીની પ્રેરણા અનુસાર મહિલા સશકિતકરણ પખવાડિયાની રાજયભરમાં ઉજવણી બાબતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું તે પ્રસંગની તસવીર.

## શબ્દાવલી - ૫૭૯૮



### આડી ચાવી

૧. તાજ પહેરાવવાની - ગાદીએ બેસાડવાની વિધિ-સમારોહ (૪)
૪. પાયલ-ઝાંઝર (૩)
૫. બિચારું, દયનીય (૩)
૭. પાણી ગરમ કરવાનું યાંત્રિક સાધન (૩)
૮. બાળક જન્મે કે તરત પહેલો ખોરાક ગોળ-ઘી મધનું પાણી અપાયતે (૪)
૧૦. ચણતરમાંથી મોટો પોપડો ખરે તે (૨)
૧૧. સારા લક્ષણ ન હોય તેવી સ્ત્રીને... કહેવાય (૫)
૧૩. ગેડ, સળ (૨)
૧૪. કુટેવ, આદત (૨)
૧૫. ... ના મરચા વખણાય(૩)
૧૬. કાર્ય, કામ (૨)
૧૭. કાગળને હિન્દીમાં... કહેવાય(૩)
૧૮. કાતરીયા ખાવા, ગુસ્સા ભરી નજરે જોવું (૪)

### ઊભી ચાવી

૧. તેજી, સ્ફૂર્તિ (૩)
૨. ફતેહ, ત્રણ પાસાની રમતમાં છ-છ અને એક એક ૧૩ દાણાનો દાવ (૩)
૩. મોટું વહાણ (૨)
૬. ડમરૂ, એક વાદ્ય (૪)
૯. ખૂબ થીગડાવાળુ (૬)
૧૦. પાશ્ચાત્ય સંગીતનો એક પ્રકાર(૨)
૧૧. ઉભરાતું કે... (૪)
૧૨. ... ડ, પાનખર ઋતુ/ ચાર અક્ષરનો શબ્દ છેલ્લો અક્ષર 'ડ' આવે (૪)
૧૩. જરૂરિયાત, ખપ જરુર(૩)
૧૫. ગરમ થવું, દાઝવું, તાપમાં... (૩)

### શબ્દાવલી ૫૭૯૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગુલફામ (૩) કજાત (૬) કપલીન (૭) લખલૂટ, (૧૦) રૂષિ (૧૧) પાઉ (૧૩) મહાત (૧૫) તલસાટ (૧૭) સભાનતા (૧૮) કોરડ (૧૯) વડા (૨૦) તરલ

**ઊભી ચાવી :-** (૧) ગુરુર (૨) ફાજલ (૩) કપટ (૪) જાલી (૫) તન (૬) કલુષિત (૮) ખરૂ (૯) મહાભારત (૧૧) પાસા (૧૪) તનડર (૧૬) લપડાક

### સ્ટેટ હાઈવે જાહેર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ માર્ગને નેશનલ હાઈવે જ રહેવા દેવા રજુઆત કરી છે. આ માર્ગ સ્ટેટ હાઈવે કરવામાં આવતા આગામી દિવસોમાં તેની જાળવણી સહિતનો ખર્ચ રાજયના માર્ગ મકાન વિભાગે ભોગવવો પડશે. જો કે મોટાભાગનો ભાગ પાટનગર તેમજ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાંથી પસાર થતો હોવાથી ટુંકમાં જ રાષ્ટ્રીય ધોરીમાર્ગનો દરજ્જો ડીનોટીફાઈ કરીને સ્ટેટ હાઈવે તરીકે જાહેર કરી દેવાશે. સરકાર કક્ષાએથી પત્ર વ્યવહારના માધ્યમથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### એટલે પંચાયતી રાજ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વાડીભાઈ પટેલે આપ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધી જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એમ. ભીમજીયાણીએ કરી હતી.

આ સમારોહમાં ગાંધીનગરના ધારાસભ્ય(ઉ)ના શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજીભાઈ ઠાકોર, પૂર્વ મંત્રી શ્રી વિપુલભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી શ્રી ઈશ્વરસિંહ ચાવડા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ગણેશભાઈ ચૌધરી, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદી, ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતીનભાઈ પટેલ, જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા શ્રી શંકુતલાબેન પટેલ, પૂર્વ ધારાસભ્યો સહિત અનેક મહાનુભાવો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસથિત રહ્યાં હતાં.

### હાથતાળી આપીને

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હેઠળ રાજ્યના દક્ષિણ ભાગ, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં સારો વરસાદ પડી રહ્યો છે. પાલનપુર-ડીસા જેવા ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો છે. માત્ર અમદાવાદ-ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારો વરસાદથી વંચિત રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૭.૬ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૫ ટકા અને સાંજે ૭૩ ટકા રહ્યુ હતુ.

### યોજના અભેરાઈએ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સલામતી માટે પોલીસ ચોકી ઉભી કરી શકાઈ નથી. આ મામલે સ્થળ પસંદગીના અભાવે જગ્યાના લીધે ચોકી કાર્યરત થઈ શકી નથી.શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં સુવિધાના નામે મીંડુ છે. સફાઈ કામગીરીના અભાવે છાશવારે કચરાના ઢગ જોવા મળે છે. પાટનગરના દરજ્જા સમાન ડેપોમાં કોઈ સુવિધા ઉભી કરવામાં આવી નથી. ડેપો બિલ્ડીંગનુ કન્સ્ટ્રકશન પણ વર્ષો જુનુ છે. થોડા સમય ડેપો સંકુલમાં આકરી ગરમીના દિવસોમાં પાણીની પોકાર ઉઠવા પામી હતી. જયારે મુસાફરોને એક અઠવાડીયા સુધી છુટથી પીવાનુ પાણી નસીબ થયુ ન હતુ જયારે ડેપો કક્ષાએથી પણ ટેન્કર મંગાવીને કામ ચલાવવાનો વારો આવ્યો હતો. જયારે મોડેલ ડેપોને છાજે તેવી સુવિધાઓ પણ હાલના તબક્કે ડેપોમાં ઉપલબ્ધ નથી. મોડેલ ડેપો બનાવવાની વાતો ઘણાં સમયથી થાય છે. પરંતુ ડેપો સંકુલના જરૂરી અગ્રેડેશન માટે કોઈ કામ હાથ ધરાયુ નથી. સે-૨૮ અને ૨૯ પાસે અગાઉ કન્ટ્રોલ પાઈન્ટ ઉભો કરવા વિચારણા બાદ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ તે પણ કોઈકારણોસર મોકુફ રાખવામાં આવી હતી. અલબત્ત મોડેલ ડેપો બનાવવાની સોહામણી વાતો વચ્ચે લાંબા સમયના અંતે ડેપોને કંગાળ હાલતમાંથી ઉગારી શકાયુ નથી.

### અટક બદલેલ છે

મારું જુનુ નામ પરમાર સુનિલકુમાર અરવિંદભાઈ હતું તે બદલીને દિવાન સુનિલકુમાર અરવિંદભાઈ રાખેલ છે.

સ્થળ : જૈન દેરાસર સામે, સીતાસદન નિવાસ, તા. વિજાપુર, જી. મહેસાણા

### રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના

**પાણી સમિતિ - ભિલોડા, તાલુકો - દાંતીવાડા**

ભીલડા મુકામે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો પાણી સમિતિ ભીલડા દ્વારા, તા. ૩-૭-૨૦૧૫ સુધીમાં ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૬-૮-૨૦૧૫ સુધીમાં પાણી સમિતિ - ભીલડા, તાલુકો - દાંતીવાડાને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી / યુનિટ મેજેરનશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ wwww.statetenders.com.

| અ.નં. | કામનું કામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
| --- | --- | --- |
| ૧ | ભીલડા તાલુકો : દાંતીવાડા રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ ભૂગર્ભ સંપનું કામ. | ૧) રૂ. ૪,૯૦,૦૦૦-૦૦<br>૨) રૂ. ૬૦૦-૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |

ક્રમાંક : નામાનિ/પાલન/૨૦૨/૨૦૧૫-૧૬

### જાહેર નિવિદા

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ - મોડાસા, ટેલીફોન નં. (૦૨૭૭૪) ૨૪૬૨૪૫ દ્વારા આ કચેરી હસ્તકના હસ્તાઓ તેમજ સરકારી મકાનોના મરામતના કામોની કામગીરી માટે આઈટમના યુનિટ ભાવો વાર્ષિક ધોરણે માંગવામાં આવે છે. જેના માટે માર્ગ અને મકાન વિભાગમાં ઈ-૨ અને ઉપરના વર્ગમાં નોંધણી ધરાવનાર અરવલ્લી જિલ્લાના સ્થાનિક માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી રજી.પો.એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી ભાવો મળે તે રીતે ટેન્ડરો માંગવામાં આવે છે. માન્ય ઈજારદારશ્રીઓ માટે કોરા ટેન્ડરો આપવાની છેવટની તારીખ ૧-૮-૨૦૧૫ સમય ૧૬.૦૦ કલાક સુધી અને પરત લેવાની તા. ૧૦-૮-૨૦૧૫ છે.

આ કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તેમજ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com ઉપર પણ જોઈ શકાશે.

ક્રમાંક - ના.મા.નિ./હિંમત/૧૮૪/૨૦૧૫

### જાહેર નિવિદા

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબનું કામ કરતી પાન નંબર / ટીન નંબર ધરાવતી અનુભવી એજન્સીઓ પાસેથી સંબંધિત કામના રજી.પો.એ.ડી. દ્વારા ભાવપત્રકો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૩૦/૭/૨૦૧૫ સમય ૧૬.૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય આપવામાં આવશે. ભાવ ભરેલ ભાવપત્રકો તા. ૬-૮-૨૦૧૫ સમય ૧૬.૦૦ કલાક સુધી ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવો.

| અ. નં. | કામનું નામ | (૧) ભાવપત્રક ફી<br>(૨) બાનાની રકમ<br>(૩) સમય મર્યાદા |
| --- | --- | --- |
| (૧) | કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર ખાતે વર્ષ દરમિયાન કોમ્પ્યુટર ટાઈપ (જોબવર્ક/ઓનલાઈન) અને અધિકારી-કર્મચારીઓના 24Q તેમજ ઈજારદારશ્રીઓના 24G/26Q ઈન્કમટેક્ષ રીટર્ન તથા VAT રીટર્ન ઓનલાઈન ફાઈલ કરવાની કામગીરી બાબતનું કામ. (સ્થાનિક બજારમાં કામ કરતી એજન્સીઓ માટે) | (૧) રૂ. ૬૦૦/-<br>(૨) રૂ. ૨૦૦૦/-<br>(૩) એક વર્ષ |

માહિતી/૯૮૦/૨૦૧૫-૧૬